# આણંદ પાલિકા વોર્ડ ૮ ની પેટા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય

**ભાજપના ઉમેદવાર મીનાબેન પ્રજાપતિનો ૧૭૭૧ મતે ભવ્ય વિજય; કોંગ્રેસના હેમાલીબેન પટેલને ૭૦૭ મત મળ્યા જ્યારે ૪૯ મત નોટામાં પડ્યા**

(પ્રતિનિધી) આણંદ,તા.૧૨

આણંદ નગરપાલિકાના વોર્ડ નં.૮ની એક બેઠક માટે યોજાયેલ પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર મીનાબેન પ્રજાપતિનો ૧૭૭૧ મતે ભવ્ય વિજય થતાં ભાજપ અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ આતશબાજી કરી વિજેતા ઉમેદવાર મીનાબેન પ્રજાપતિને શુભેચ્છાઓ આપી હતી. આ સાથે જ ભાજપે તેની

(અનુસંધાન પાન ૨ ઉપર)



(તસ્વીર : સલીમ, મમતા સ્ટુડિયો, વિદ્યાનગર)

આણંદ નગરપાલિકાના વોર્ડ નંબર ૮ની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર મીનાબેન પ્રજાપતિ (દલવાડી) જંગી બહુમતીથી વિજયી બન્યા હતા. તસવીરોમાં વિજેતા બનેલ ઉમેદવાર મીનાબેનને અભિનંદન પાઠવતા જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, પાલિકા પ્રમુખ મીતાબેન પટેલ, પૂર્વ પ્રમુખ વિજયભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્વેતલ પટેલ (મેયર) તથા કાઉન્સીલરો, ભાજપના કાર્યકરો. છેલ્લી તસવીરમાં વિજેતા મીતાબેન.

# બિલોદરામાં ભરવાડોના દસ ઘરોમાં આગ : ટોળાં વિખેરવા પોલીસે ટીયરગેસના શેલ છોડ્યા

નડીયાદ,તા.૧૨

નડીયાદ નજીક બિલોદરા ગામે રવિવારે ઠાકોરો અને ભરવાડો વચ્ચે થયેલી અથડામણે આજે મંગળવારે વરવું સ્વરૂપ લીધું હતું.

આ અથડામણને કારણે ગામના ભરવાડો ગામ છોડીને હિજરત કરી ગયા હતા ત્યારે મંગળવારે રાત્રીના આઠ વાગ્યાના સુમારે દસ જેટલા મકાનોમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. આગે જોતજોતામાં મોટું સ્વરૂપ લેતાં તેની જાણ નડીયાદ ફાયર બ્રિગેડને કરવામાં આવતાં નવ જેટલા ફાયર ફાઈટરોની ટીમ આગ બૂઝાવવા કામે લાગી ગઈ હતી. આ લખાય છે ત્યાં સુધીમાં આગ કાબૂમાં આવી ન હતી.

રવિવારના બનાવને પગલે ગામમાં તંગદિલી હતી અને જિલ્લા પોલીસ વડા મનીન્દરસિંહ પવારની સુચનાથી નાયબ જિલ્લા પોલીસ વડા હરપાલસિંહ રાઠોડના માર્ગદર્શન મુજબ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બિલોદરા ચોકડી, હરીઓમ આશ્રમ સ્ટેન્ડ, એક્સપ્રેસ વેનું ગરનાળું, બિલોદરાનું બસ સ્ટેન્ડ તેમજ ગામમાં પંચાયત ઘર પાસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. રૂરલ પીઆઈ,

(અનુસંધાન પાન ૨ ઉપર)



નડીયાદ નજીક આવેલ બિલોદરા ગામે ઠાકોરો અને ભરવાડો વચ્ચે થયેલ અથડામણના બીજા દિવસે ગામમાં રહેતા ભરવાડો પોતાનો નિવાસ છોડી બીજે ઠેકાણે ચાલ્યા ગયા હતા. આજે રાત્રે આઠ વાગ્યાના સુમારે અંદાજે દસ જેટલા મકાનો ભડભડ સળગવા લાગ્યા હતા. કોણે આગ લગાડી તે હજુ સુધી પત્તો લાગ્યો નથી. નડીયાદના ફાયરબ્રિગેડની ટીમ કામે લાગી ગઈ છે. અત્યાર સુધીમાં નવ જેટલા ફાયર ફાઈટર આવી પહોંચ્યા છે પરંતુ આગ કાબુમાં આવી નથી. પોલીસની ટુકડીઓ ગામમાં આવી પહોંચી છે. અને ગામમાં સન્નાટો છવાઈ ગયો છે.


## બેસણું



આણંદથી લિ. મહેન્દ્રભાઈ ધનજીભાઈ પટેલ (એન્જીનીયર)ના જયશ્રીકૃષ્ણ. સખેદ જણાવવાનું કે મારા લઘુબંધુ શ્રી હર્ષદભાઈ ધનજીભાઈ પટેલ (ભગત-મહેન્દ્ર ભજીયા હાઉસ) તારીખ ૧૦/૯/૨૦૧૭ના રોજ વૈકુંઠવાસી થયા છે. સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ પ્રભુ પાસે પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું તા.૧૪/૯/૨૦૧૭ને ગુરુવારે**
**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે**
**સ્થળ : અમૃતવાડી (ભોંયરામાં), ગોપી ટોકીઝની બાજુમાં, આણંદ**

લિ.
ગં.સ્વ. જયાબેન નરેન્દ્રભાઈ પટેલ
અ.સૌ. ઈલાબેન મહેન્દ્રભાઈ પટેલ
ગં.સ્વ. મીનાબેન હર્ષદભાઈ પટેલ

નિતેષ નરેન્દ્રભાઈ પટેલ — નિલમ નિતેષભાઈ પટેલ
ધ્રુવલ હર્ષદભાઈ પટેલ — પૂર્વી ધ્રુવલ પટેલ
વિનિત મહેન્દ્રભાઈ પટેલ — સ્નેહા વિનિત પટેલ
આયુષ, નંદિની, રાધે, રેહાન

નોંધ : સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે-સમયે રાખેલ છે
ભરતભાઈ રમણભાઈ પટેલ સમસ્ત પરિવાર (મહુધા)


# ઉમરેઠની સેન્ટ ઝેવિયર્સ સ્કુલના વિદ્યાર્થીના અપહરણની ફરિયાદ

(પ્રતિનિધી) આણંદ,તા.૧૨

ઉમરેઠ શહેરના ડાકોર રોડ પર આવેલ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ધો.૯માં ભણતો ૧૪ વર્ષીય વિદ્યાર્થી શાળા કેમ્પસમાંથી ગુમ થતાં ચકચાર મચી જવા પામી છે. સંચાલકોએ મોડી સાંજે તેના વાલીને જાણ કરતાં આ અંગે તેઓએ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ ચકચારી ઘટનામાં પોલીસે રાજ્યના તમામ પોલીસ મથકોએ બાળકના ગુમ થયાની જાણ કરતાં મોડી સાંજે અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનેથી વનરાજ એકાએક મળી આવતાં હવે અપહરણની ઘટનાનું રહસ્ય ખુલશે.

સુત્રોથી જાણવા મળ્યા મુજબ ઉમરેઠ શહેરના ડાકોર રોડ પર સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ આવેલી છે. આ શાળાના ધો.૯ માં મૂળ વડોદરા જિલ્લાના ડેસરા તાલુકાના કેશરાના મુવાડા ગામના દશરથ પરમારનો છોકરો વનરાજ અહીંની દીન

(અનુસંધાન પાન ૨ ઉપર)



(તસ્વીર : ગની આર. વહોરા, થામણા)

વિદ્યાર્થી વનરાજ અને તેના ચિંતીત માબાપ.


## હાર્દિક અભિનંદન



**મીનાબેન અલ્પેશભાઈ પ્રજાપતિ (દલવાડી)**

આણંદ નગરપાલિકા વોર્ડ નં.૮ની પેટા ચૂંટણીમાં જંગી બહુમતીથી ચૂંટાવા બદલ હાર્દિક અભિનંદન.

લિ.

| | |
|---|---|
| પટેલ નીકેશભાઈ | અમીત શાહ |
| પટેલ વ્યોમેશ | પટેલ પ્રિતેષ |
| પટેલ કીરણ | હરેશ કાપડી |
| એન.એમ.પટેલ | વિજય સીંધી |
| એસ.એમ.પટેલ | પીન્કો |
| અશ્વીન દલવાડી | ચીરાગ કાઢી |
| અલ્પેશ દલવાડી | દિલીપ પંડ્યા |
| કીરણ દલવાડી | તથા મોર્નીંગ ગ્રુપ વિદ્યાનગર |

